# <u>કૃષિ વૈવિધ્યકરણ યોજના</u>

## પૂર્વ ભૂમિકા :-

કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત રાજ્યના આદિજાતી જીલ્લાઓમાં આદિજાતીના લાભાર્થીઓને અમલીકરણ એજન્સી દ્વારા સુધારેલ બિયારણ, ખાતર અને વાવણી અંગેની તાલીમ આપવામાં આવે છે. જેથી ખેડુતો વાવણી સમયે સારૂ ઉત્પાદન મેળવી શકે અને આજીવિકા મેળવી આવક ઉભી કરી શકે.

**હેતુઓ:-** ખેત ઉત્પાદન વધારવું, આદિજાતિ ખેડુતોને આજીવિકા અને આવક ઉભી કરવી

## યોજનાનુ અમલીકરણ:-

- તમામ આદિજાતિ જીલ્લાઓમાં અમલીકરણ એજન્સી (એગ્રીકલ્ચર સર્વિસ પ્રોવાઇડર) દ્વારા પ્રાયોજના કચેરીના પરામર્શમા રહી યોજનાનુ અમલીકરણ કરવામાં આવે છે.
- આદિજાતિ વિસ્તારમાં ગરીબી રેખા નીચે જીવતા તથા ફોરેસ્ટ રાઇટ એક્ટ હેઠળ જમીન ધરાવતા આદિજાતી ખેડૂતો પૈકી ભેદભાવ રહિત લાભાર્થીની પસંદગી પ્રક્રિયા તથા કીટ વિતરણ કરવામાં આવે છે
- અમલીકરણ એજન્સી દ્વારા લાભાર્થીઓને બીયારણ કીટ થકી મહત્તમ ઉત્પાદન મેળવવા તાલીમ દ્વારા ખેતી અંગેનુ માર્ગદર્શન પુરુ પાડવામાં આવે છે.

## લાભાર્થી પસંદગી માપદંડ (Beneficiary Selection Criteria):-

1) ૦-૨૦ સ્કોર ધરાવતા હોવા જોઇએ.

2) 0 થી 1 એકર જમીન ધરાવતા ખેડૂતોને આ લાભ આપવામાં આવે છે.

## અરજદારએ અપલોડ કરવાના આધાર પુરાવાઃ-

1. અરજદારનો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ
2. અરજદારના રેશનકાર્ડની નકલ
3. અરજદારના આધારકાર્ડની નકલ
4. અરજદારના જાતિના પ્રમાણપત્રની નકલ
5. અરજદારના જમીનના પુરાવા (રેવન્યુ જમીન માટે 7/12 અને 8/અની નકલ તથા જંગલ જમીન માટે સનદ/અધિકાર પત્ર)
6. અરજદારનો 0 થી 20 બી.પી.એલના દાખલાની નકલ